## જી.યુ.વી.એન.એલ.પોલીસ સ્ટેશન ગોધરા/વડોદરા ના

## સમરી નં. ૨૨૫/૨૦૨૫ હેઠળ હુકમ.

હાલનો કેસ આજ રોજ યોજાયેલ નેશનલ લોક અદાલતમાં મુકવામાં આવેલ છે. જેમાં એમ.જી.વી.સી.એલ.ના અધિકારીશ્રીઓ હાજર છે અને તેમની રૂબરૂમાં આ કેસ નીકળતા આરોપીનો પ્રથમ ગુન્હો છે અને તેઓએ આરોપી સામે નોંધાયેલ ફરીયાદ મુજબની બીલ વિગેરેની રકમ ભરપાઈ કરી દીધેલ હોય, આ સમરી કેસ ફરીયાદ પક્ષે માંડવાળ કરવા વાંધો નથી જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

જી.યુ.વી.એન.એલ. ગોધરા/વડોદરા દ્વારા ગ્રાહક અગર બીન ગ્રાહક ઉપર વીજ ચોરી સબંધે ધી ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ ની કલમ–૧૩૫ (૧)(એ) મુજબની આ કિસ્સામાં ફરીયાદ નોંધવામાં આવેલી આ કાયદાની કલમ : ૧૫૨ મુજબ જો ગુનો પ્રથમ વારનો હોય અને ગ્રાહક વીજ ચોરીની રકમ ભરવા તૈયાર હોય આ કાયદાની કલમ–૧૫૨ હેઠળ માંડવાળ કરવા પાત્ર છે. જી. યુ. વી. એન. એલ. ગોધરા/વડોદરા આરોપી :– BILVAL NURABHAI JITHRABHAI સામે ધી ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ ની કલમ ૧૩૫ –એ હેઠળ વીજ ચોરી અંગેની એફ.આઈ.આર. પ્રથમ બાતમી નં. 2716/2025 જી.યુ.વી.એન.એલ.પોલીસ સ્ટેશન ગોધરા/વડોદરા ખાતે નોંધાયેલી છે.

ત.ક.અમલદારના ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૧૭૩ ના આખરી અહેવાલ મુજબ વીજ ચોરી તથા કમ્પાઉન્ડીંગ ચાર્જ આરોપીએ કંપનીમાં ભરપાઈ કરી દીધેલ છે. આરોપીનો આ પ્રથમવારનો ગુન્હો છે.

સબબ ધી ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ ની કલમ ૧૫૨ હેઠળ તહોમતદાર સામેની કાર્યવાહી આગળ ચલાવવી જરૂર નથી અને આ કાયદાની કલમ ૧૫૨(૩) હેઠળ જયારે ફરીયાદ પક્ષે સમરી મંજુર કરવા સામે વાંધો ન હોય હાલનો કેસ કોગ્નીઝ લેવાની જરૂરીયાત ન હોય માંડવાળ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. **૧૨** મી માહે જુલાઈ **સ**ને **૨૦૨૫** ના રોજ નેશનલ લોક અદાલતમા જાહેર કર્યો.

તા. :– ૧૨/૦૭/૨૦૨૫
સ્થળ : નેશનલ લોક અદાલત,
લીમખેડા.

( એમ.એમ.સોની )
બીજા એડીશનલ સેશન્સ જજ
અને સ્પે.જજ(ઈલેકટ્રીસીટી),લીમખેડા.